# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ માગસર પૂર્ણિમા ❖ ૨૪ ડીસેમ્બર ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૮ ❖ સળંગ અંક - ૯૨


## ધમ્મવાણી

दहरा च हि वुद्धा च, ये बाला ये च पण्डिता ।
अड्ढा चेव दलिद्दा च, सब्बे मच्चुपरायणा ॥

– दशरथ जातक – ४६१-८७

યુવા અને વૃદ્ધ, મૂર્ખ અને પંડિત, ધનવાન અને નિર્ધન બધાં મરણધર્મી છે.

## વધો પારમી ક્ષાંતિની

પારમી અથવા પારમિતા કહે છે પરિપૂર્ણતાને. એ સદ્‌ગુણોની પરિપૂર્ણતા કે જે કોઈ પણ બોધિસત્ત્વને સંબોધિ પ્રાપ્ત કરવાને માટે સામર્થ્ય પ્રદાન કરે છે કે જે કોઈ પણ મનુષ્યને ભવસાગરની પાર જવામાં સહાયક સિધ્ધ થાય છે. દસ પારમિતાઓમાંથી ક્ષાંતિનું એટલે તિતિક્ષા, સહિષ્ણુતા, સહનશીલતાનું વિશિષ્ટ મહત્ત્વ છે. ભવસાગરની ભરતીનાં પ્રચંડ મોજાંને ધર્મ-ધૈર્ય સાથે સહન કરી લેવાં, અપ્રિયમાં અપ્રિય હૃદયવિદારક ઘટનાના સંયોગથી પણ ચિત્તને વિચલિત ન થવા દેવું, પ્રિયમાં પ્રિયના વિયોગે પણ અંતરતમની સમતા સલામત રાખવી - આ જ ક્ષાંતિની પારમીને પરિપુષ્ટ કરવી તે છે.

જે બોધિસત્ત્વ પોતાની સઘળી પારમીઓને પરાકાષ્ઠા સુધી પરિપૂર્ણ કરીને ભગવાન ગૌતમના નામથી સમ્યક્ સંબુદ્ધ બન્યા, એમણે અનેકાનેક પૂર્વજન્મોમાં પોતાની ક્ષાંતિ પારમી પરિપૂર્ણ કરવાનો પણ સફળ પ્રયત્ન કર્યો.

### પુત્ર - વિયોગ

ભવસંચરણના એક જીવનમાં બોધિસત્ત્વ વારાણસીના એક બ્રાહ્મણ કુળમાં જન્મ્યા. મોટા થયા, પોતાના પરિવારના પ્રમુખ બન્યા. એમની સાથે એમની પત્ની, એક યુવાન પુત્ર, એક યુવાન પુત્રવધૂ, એક યુવાન પુત્રી અને એક દાસી હતાં; આમ છ જણનો સુખી પરિવાર હતો. પરિવારના ભરણ-પોષણને માટે બોધિસત્ત્વ નગરની બહાર ખેતીવાડી કરતા હતા, અને યુવાન પુત્ર એનો સાથ દેતો હતો.

સદાની માફક એક દિવસ તેઓ પોતાના ખેતર પર કામ કરી રહ્યા હતા. સ્વયં હળ ચલાવવામાં નિમગ્ન હતા, યુવાન પુત્ર ખેતરોનો કૂડો-કચરો એકઠો કરીને એને બાળવાના કામમાં લાગ્યો હતો. એટલામાં કૂડા-કચરાના ઢગલામાંથી એક ક્રોધી નાગ નીકળ્યો અને એણે પુત્રને ડસી લીધો. થોડીવારમાં નાગ-વિષ આખા શરીરમાં સમાઈ ગયું અને ખેડૂતનો પુત્ર બેહોશ થઈને ત્યાં જ પડી ગયો. બોધિસત્ત્વે દૂરથી પોતાના પુત્રને પડી જતાં જોયો તો સમીપ ચાલ્યા આવ્યા, પરંતુ ત્યાં સુધીમાં પુત્રના પ્રાણપંખેરુ ઊડી ગયા હતા. બોધિસત્ત્વે મૃત શરીરને ઉઠાવીને સમીપના એક ઝાડની છાયામાં સુવાડી દીધું અને એને કપડાથી ઢાંકી દીધું. વ્યાકુળ થયા વિના તેઓ પુનઃ હળ ચલાવવાના કામમાં લાગી ગયા.

થોડી વાર બાદ જોયું કે ખેતરની સમીપની પગદંડી પરથી એક અન્ય ખેડૂત નગર તરફ જઈ રહ્યો છે. બોધિસત્ત્વે એને પ્રાર્થના કરી કે તે એની ઘરવાળીને એક જાણકારી પહોંચાડી દે. જાણકારી એ હતી કે ઘરની જે દાસી નિત્ય બપોરે પિતા-પુત્રનું ભોજન લઈને ખેતર પર આવતી, તે આજે કેવળ એકનું જ ભોજન લઈને આવે. પહેલાં ભોજન લઈને એકલી દાસી આવતી, આજે પરિવારના બધાં લોકો સ્વચ્છ વસ્ત્ર પહેરીને, પોતાની સાથે સુગંધિત ફૂલ લઈને આવે.

આ જાણકારી જ્યારે રાહદારીએ બ્રાહ્મણીને આપી તો એ તત્કાલ સમજી ગઈ કે એનો પુત્ર નથી રહ્યો. પરંતુ આ દુઃખદ માહિતી મેળવીને બ્રાહ્મણી વિચલિત ન થઈ. પરિવારના અન્ય જણ પણ અવિચલિત રહ્યા, અને બોધિસત્ત્વના આદેશ અનુસાર ખેતર તરફ ચાલી નીકળ્યા. એમાંનાં કોઈએ ન તો રુદન-ક્રંદન કર્યું કે ન વિલાપ-પ્રલાપ.

બોધિસત્ત્વ પોતાના હરેક જીવનમાં ધર્મનું જીવન જીવતાં જીવતાં કોઈ ને કોઈ પારમીને પુષ્ટ કરવાનું કામ કરે છે. તેઓ કેવળ સ્વયં ધર્મનું જીવન જીવીને નથી રહી જતા, બલ્કે પોતાના સ્વજન-પરિજન, મિત્ર-બંધુઓને પણ ધર્મમય જીવન જીવવાનો ઉપદેશ દે છે. આગળ જઈને સ્વયં સમ્યક્ સંબુધ્ધ બને ત્યારે એમણે અનેકોને શુધ્ધ ધર્મના માર્ગ પર આરૂઢ કરાવીને ભવમુક્તિ તરફ આગળ વધવાનું ઉચિત નિર્દેશન કરવું પડશે, એટલે હરેક જીવનમાં અત્યંત મૈત્રી-ચિત્તથી ધર્મદેશના(ધર્મોપદેશ) દઈ શકવાનું સામર્થ્ય પણ વધારે છે. અતઃ બોધિસત્ત્વ પોતાના પૂરા પરિવારને ગૃહસ્થની જવાબદારીઓ કુશળતાપૂર્વક નિભાવતાં નિભાવતાં શુધ્ધ ધર્મમાં પ્રતિષ્ઠિત થવાનો નિત્ય ઉપદેશ દેતા હતા અને સ્વયં પણ ધર્મનું જીવન જીવીને બધાને માટે પ્રેરણાદાયક આદર્શ પ્રસ્તુત કરતા હતા. એમણે પોતાના પરિવારજનોને એ જ ઉપદેશ દીધો હતો કે શીલનું પાલન કરો. પ્રસન્નચિત્તે યથાશક્તિ દાન દો. સાધના કરતાં કરતાં ચિત્તને વશમાં કરીને ઉદય-વ્યયનો બોધ જગવીને ચિત્તને નિર્મળ કરતાં રહો. સમય સમય પર મરણાનુસ્મૃતિની ભાવનાને સબળ કરતાં રહો અને નિસર્ગના નિયમોની આ સચ્ચાઈ સમજતાં રહો કે જે જન્મે છે એ વહેલો- મોડો મૃત્યુને પ્રાપ્ત થશે જ. મૃત્યુની ચુંગાલમાંથી એક પણ પ્રાણી બચી નથી શકતું. બોધિસત્ત્વ સ્વયં મરણાનુસ્મૃતિની સાધનામાં પાકી ગયા હતા અને એમણે પોતાના પરિવારને પણ પકવ્યો હતો.

જ્યારે પરિવારના ચારે ય લોકો ઘરેથી ખેતર પર આવ્યા તો જે વાતની આશંકા હતી તે સામે જોઈ. પરંતુ યુવાન પુત્રનું મૃત શરીર જોઈ

ન કોઈ રડયું કે ન કોઈએ છાતી પીટીને વિલાપ કર્યો. બધાં ચિતાને માટે આસપાસ લાકડાં વીણવા લાગ્યાં. થોડીવારમાં ચિતા તૈયાર થઈ ગઈ. બધાંએ મળીને મૃત શરીરને ચિતા પર સૂવાડયું. પોતાની સાથે લાવેલાં સુગંધી પુષ્પો એના પર ચઢાવ્યા અને ચિતા પ્રજ્જ્વલિત કરીને બધાં એની સમીપ બેસી ગયાં.

એક વ્યકિત આ બધી ઘટના જોઈ રહી હતી. બધું જોઈને એ વિસ્મય-વિભોર થઈ ઊઠી. સમીપ આવીને એણે ખેડૂત સાથે વાર્તાલાપ આરંભ કર્યો. એણે પૂછયું.

- ''શું કોઈ પશુને બાળી રહ્યા છો ?''

- ''નહિ, આ પશુ નથી, મૃત મનુષ્યનું શરીર છે, જેને અમે બાળી રહ્યા છીએ. બોધિસત્ત્વે ઉત્તર આપ્યો''

- ''તો આ તમારો કોઈ દુશ્મન હશે ?''

- ''દુશ્મન નહીં, આ મારો એકનો એક પુત્ર હતો''

- ''તો શું પુત્રની સાથે તમારા સંબંધો બગડી ગયા હતા ?''

- ''નહિ, ભાઈ, નહિ. આ મારો અત્યંત પ્રિય પુત્ર હતો.''

- ''તો આ એકના એક પુત્રને ખોઈને તમે રડતા કેમ નથી ? વિલાપ કેમ નથી કરતા ?''

- ''જે ગયો તે ગયો. જેમ સાપ પોતાની કાંચળી છોડીને ચાલ્યો જાય છે એમ જ આ પોતાનું શરીર છોડીને ચાલ્યો ગયો. હવે વિલાપ કરવાથી શું મળશે ? વિલાપ કરવાથી તો એ પાછો આવવાનો નથી ?''

આગંતુકે એ જ પ્રશ્ન મૃત યુવાનની માતાને કર્યો. એણે કહ્યું - ''પિતાનું હૃદય કઠોર હોઈ શકે છે, પણ તું તો નવ મહિના પેટમાં પોષીને જન્મ દેનારી, સ્તનપાન કરાવીને એનું પોષણ કરનારી મા છો. માનું હૃદય તો બહુ કોમળ હોય છે. એકનો એક પુત્ર ખોઈને પણ તું કેમ રડતી નથી !''

આ જ પ્રકારે મૃતકની પત્નીને પણ એણે પ્રશ્ન કર્યો -''તારું તો સર્વસ્વ લુંટાઈ ગયું. આ નાની ઉંમરમાં તેં તારો સુહાગ ખોઈ નાખ્યો છતાંય તું કેમ રડતી નથી !''

આવો જ પ્રશ્ન એણે મૃતકની બહેનને કર્યો - ''બહેનને પોતાનો ભાઈ અત્યંત વહાલો હોય છે. તું કેવી બહેન છો, જે આવા ભાઈને ખોઈને પણ ક્રંદન નથી કરતી ?''

ત્યાર બાદ એણે ઘરની દાસીને પૂછયું ''મૃતક વ્યકિત અવશ્ય તારી સાથે અત્યંત કટુતાભર્યો કઠોર વ્યવહાર કરતી હશે એટલે તું એના મરવા પર વ્યથિત નથી.''

દાસીએ કહ્યું - ''એ ઘરનો લાડકો અત્યંત મૃદુભાષી હતો. બધાંની સાથે એનો વ્યવહાર અત્યંત મધુર હતો એ બધાનો વહાલો હતો, બહુ સુલક્ષણો હતો''

- ''છતાંય કોઈ રડયું નહીં ?''

બધાંનો એ જ ઉત્તર હતો -''રોવાથી કોઈને શું મળશે, ભલા ? આ બોલાવ્યા વિના આવ્યો હતો અને આજ્ઞા લીધા વિના ચાલ્યો ગયો. સંસારમાં જીવન જ અનિશ્ચિત હોય છે, મૃત્યુ તો બધાંનું નિશ્ચિત જ છે. પોતાનાં કર્મોને અનુસાર પ્રાણી આવે છે અને પોતાનાં કર્મોને અનુસાર ચાલ્યાં જાય છે.

**यथागतो तथागतो तत्थ का परिदेवना ?**

જેવો આવ્યો એવો ચાલ્યો ગયો, એને માટે રોવા - ધોવાનું શાને ? જનારો ચાલ્યો ગયો. આ જે નિષ્પ્રાણ શરીર ચિતા પર બળી રહ્યું છે, એ શું જાણે કે અમે એના માટે રડી રહ્યાં છીએ ? રડીને આપણે નથી તો આપણું ભલું કરતાં કે નથી બીજાં કોઈનું. રડીને સ્વયં પણ દુઃખી થઈશું, બીજાંને પણ દુઃખી કરીશું.

**तस्मा एतं न सोचामि गतो सो तस्स या गति ।**

જનારો પોતાના કર્માનુસાર એની જેવી ગતિ છે ત્યાં ચાલ્યો ગયો. એને માટે અમે શોક નથી કરતા.''

આ પ્રકારે બોધિસત્ત્વે આ જીવનમાં સ્વયં પોતાની ક્ષાંતિ પારમી વધારી તથા પોત-પોતાની ક્ષાંતિ પારમી વધારવામાં પરિવારજનોને પણ સહાયક બન્યા.

## પત્ની વિયોગ

બોધિસત્ત્વના કોઈ એક જીવનમાં એમની અત્યંત રૂપવતી યુવાન પત્ની રોગગ્રસ્ત થઈને કાળના ગ્રાસમાં સમાઈ ગઈ. લોકો એ સુંદર યુવતીને મૃત જોઈને વ્યાકૂળ થઈ રહ્યા હતા, પરંતુ બોધિસત્ત્વ પોતાની પ્રિય પત્નીના મરણથી જરાપણ વિચલિત નહોતા. આવી અવસ્થામાં સામાન્ય લોકો પત્ની શોકમાં એટલા વ્યાકૂળ થઈ જાય કે ન ખાય, ન પીએ, ન ન્હાય, ન ધુએ, ન પોતાના કામધંધામાં લાગે, બલ્કે સ્મશાન ભૂમિના ચક્કર ખાતાં ખાતાં રોતા - કકળતા વિલાપ કરતા રહે.

પરંતુ બોધિસત્ત્વે એવું કશું ન કર્યું. જ્યારે લોકોએ કારણ પૂછ્યું તો એમનો આ જ ઉત્તર હતો :-

''જેનો સ્વભાવ તૂટવાનો છે તે વ્હેલું મોડું તૂટે જ છે.હરેક પ્રાણી મરણધર્મી છે. આ જ એનો સ્વભાવ છે. એ મરે જ છે. નિસર્ગના નિયમો અનુસાર, આ પણ મૃત્યુને પ્રાપ્ત થઈ ગઈ. એમાં રોવાનું શું ? જ્યાં સુધી જીવિત હતી ત્યાં સુધી મારી કાંઈક (પત્ની) થતી હતી. એ મારી સેવા કરતી હતી અને હું એની દેખભાળ કરતો હતો. મર્યા બાદ તે પોતાના કર્માનુસાર કોઈ અન્ય લોકમાં જન્મી છે. હવે એ મને શું થાય ? હું એનો શું થાઉં ? રોવાથી ન મને લાભ થશે, ન એને.''

આમ બોધિસત્ત્વે આ જન્મમાં પણ ક્ષાંતિની પારમી પુષ્ટ કરી.

## મોટા ભાઈનો વિયોગ

કોઈ એક જીવનમાં બોધિસત્ત્વ એક ધનવાન ગૃહસ્થના ઘરે જન્મ્યા. સમય જતાં માતા - પિતાનો દેહાંત થયો એમનો મોટો ભાઈ બધો કામધંધો સંભાળતો. બોધિસત્ત્વ સહિત આખો પરિવાર મોટાભાઈ પર આશ્રિત હતો. એના જ સહારે બધાં જીવતાં હતાં. પરંતુ શીઘ્ર જ કોઈ રોગનો શિકાર થઈને એ પણ મૃત્યુને પ્રાપ્ત થયો. બોધિસત્ત્વે ધર્મ - ધૈર્યપૂર્વક આ આઘાતને સહન કર્યો. રોઈ - રોઈને વિલાપ કરત તો પોતાની પણ હાનિ કરત અને પરિવારના અન્ય લોકોની પણ. પોતાના મૃત ભાઈને પણ કાંઈ લાભ ન પહોંચાડવા પામત. અતઃ ક્ષાંતિ પારમીનું સંવર્ધન કરતાં કરતાં તેઓ રુદન -ક્રંદનથી સર્વથા વિમુખ રહ્યા. લોકોએ પશ્ન કર્યો તો એમણે બધાંને ધર્મ સમજાવીને સાંત્વના આપી. ''બધાં પ્રાણી મરણધર્મી છે. સમય આવતાં શરીર ખંડિત થાય જ છે. એના માટે વિલાપ કરવાનો મતલબ નથી, નિરર્થક છે.''

## પિતામહનો વિયોગ

કોઈ જીવનમાં બોધિસત્ત્વ એક ધનવાન ગૃહસ્થના ઘરે જન્મ્યા મોટા થયા ત્યારે એમના દાદા કાળગ્રસ્ત થયા. બોધિસત્ત્વ દાદાના

વિખૂટા થવાથી વિચલિત ન થયા. પરંતુ, એમના પિતા પોતાની ધીરજ ખોઈ બેઠા. એમનું રુદન ક્રંદન રોક્યું રોકાતુ નહોતું. એણે પોતાના પિતાના મૃત શરીરનો અગ્નિસંસ્કાર કરીને એના અસ્થિ-અવશેષો પર એક છત્રી બનાવી. અને ત્યાં જઈને નિત્ય વિલાપ કરતો. બોધિસત્ત્વે પોતાના પિતાને સમજાવવાની બહુ કોશિશ કરી, પણ અસફળ રહ્યા. ત્યારે એમને એક યુક્તિ સૂઝી. તે ક્યાંકથી એક મરેલો બળદ લઈ આવ્યા અને એની સામે લીલુંછમ ઘાસ અને શીતળ જળ રાખીને રુદન કરવા લાગ્યા કે એ ફરીથી જીવતો થાય અને આ આહાર ગ્રહણ કરી લે. લોકોએ બહુ સમજાવ્યા પણ એ તો રુદન જ કરતા રહ્યા. લોકો સમજ્યા કે યુવક ખરેખર પાગલ થઈ ગયો છે, જે આ મરેલા બળદને જીવતો કરીને આહાર ખવડાવવા ઈચ્છે છે.

પિતાએ આ બધું સાંભળ્યું તો બહુ ગભરાયો. પિતૃ વિયોગના શોકને ભૂલીને હવે તે પુત્રને માટે ચિંતિત થઈ ઊઠયો કે આવો સમજદાર યુવક પાગલ કેમ થઈ ગયો? એણે પોતાના પુત્રને સમજાવવા માંડ્યું કે રોવું નિરર્થક છે. આ મરેલો બળદ પુનઃ જીવી નહીં શકે, આ સાંભળીને બોધિસત્ત્વે કહ્યું.

''પિતાજી, જુઓ આ બળદના તો માથું, મોઢું, પેટ, પગ આદિ બધાં અંગ સલામત છે અને પ્રત્યક્ષ દેખાઈ રહ્યાં છે. મારા રોવાથી એ અવશ્ય જીવતો થશે. આપ પિતામહને માટે રડો છો જેનું આખું શરીર બળી ચૂક્યું છે, થોડાંક હાડકાં માત્ર બચ્યાં છે. જો આપના રોવાથી આ હાડકાં જીવતાં થઈ જશે તો મારા રોવાથી આ મરેલો બળદ કેમ જીવતો નહિ થાય ? '' આ સાંભળીને પિતા હોશમાં આવ્યા. આ પ્રકારે બોધિસત્ત્વે પોતાની ક્ષાંતિ પારમી વધારી અને પિતાને પણ ધર્મનું બળ પ્રદાન કર્યું.

### પિતાનો વિયોગ

અગણિત ભવ-સંસરણની એક ભવ-શૃંખલામાં બોધિસત્ત્વ દશરથપુત્ર રામ બનીને જન્મ્યા. પિતાના આદેશ પર એમણે રાજ્ય ત્યાગીને સીતા અને લક્ષ્મણ સહિત વન-ગમન કર્યું. થોડા સમય બાદ પિતાનું મૃત્યુ થયું અને ભરત એને આગ્રહપૂર્વક પાછા રાજધાની લઈ આવવા માટે વનમાં પહોંચ્યા. બોધિસત્ત્વ રામને જ્યારે પિતાના મરણના સમાચાર મળ્યા તો તેઓ રજમાત્ર વિચલિત ન થયા. એ સમયે લક્ષ્મણ અને સીતા ફળ-ફુલ વીણવાને માટે બહાર ગયેલાં હતાં. રામ જાણતા હતા કે એ બંનેના હૃદય બહુ કોમળ છે. આ દુઃખદ સમાચાર સાંભળીને તેઓ વ્યાકૂળ, વ્યથિત થઈ ઊઠશે. અતઃ એમના પાછા ફરતાં રામે બહુ યત્નપૂર્વક આ કડવા સમાચાર સંભળાવ્યા કે જેથી તેઓ આ દુઃખને સહી શકે. પરંતુ તેઓ બંને અત્યંત વ્યાકૂળ થઈ ઉઠયાં. ભરત તથા એની સાથે આવેલો આખો રાજ્યપરિવાર તો રુદન-ક્રંદન કરી જ રહ્યો હતો. ક્ષાંતિ પારમિતાના ધણી બોધિસત્ત્વ રામે બધાંને ધીરજભર્યો ધર્મ ઉપદેશ આપ્યો અને સમજાવ્યું.

''બહુ વિલાપ કરીને પણ આપણે મૃત પિતાને જીવિત નથી કરી શકતાં. પ્રિય-વિયોગ ના સમયે રુદન-ક્રંદનથી જો કોઈનું ભલું થતું હોત તો આપણે બધાંએ અવશ્ય રડવું જોઈએ, પરંતુ એનાથી તોઆપણી અને બીજાંની હાનિ થાય છે. રોવાવાળો પોતાની જાત પ્રત્યે હિંસા કરે છે, બીજાનું રુદન વધારીને એમના પ્રતિ પણ હિંસા કરે છે. રોવા - કૂટવાથી મૃત વ્યક્તિને પણ કોઈ લાભ નથી થતો. અતઃ રડવું નિરર્થક છે. સમજદાર માણસે આવા સમયે મનમાં દુઃખ જાગતાં જ એને તુરંત દૂર કરી દેવું જોઈએ. જેમ ઘરમાં આગ લાગતાં જ એને તુરંત બુઝાવી દેવાય છે બરાબર એ જ રીતે.''

બોધિસત્ત્વ રામના ધર્મોપદેશથી બધાનું રુદન-ક્રંદન બંધ થયું. આ પ્રકારે બોધિસત્ત્વે પોતાની ક્ષાંતિ પારમીનું સંવર્ધન કર્યું તથા બીજાને પણ ક્ષાંતિ - ધર્મ શીખવ્યો.

સાધકો, જીવનમાં અણચાહી ઘટના ઘટે જ છે. પ્રિયવ્યક્તિ, વસ્તુ, સ્થિતિથી વિયોગ થાય જ છે. બોધિસત્ત્વના અનેક જન્મોના અનુભવોથી આપણે લાભાન્વિત થઈએ અને સહિષ્ણુતાની પારમીનું સંવર્ધન કરી પોતાનું કલ્યાણ સાધી લઈએ.

**કલ્યાણ મિત્ર, સત્યનારાયણ ગોયન્કાજી**

## ધમ્મકોટ ખાતે શિબિર માટે સ્પે. વ્યવસ્થા

**(૧) અમરેલી, ધારી, બગસરા, સાવરકુંડલાથી આવતા સાધકો માટે :-**

ઉપરોક્ત સ્થળેથી આવતા ભાઈ-બહેનો માટે ૧૦ દિવસીય શિબિરની સ્પે. ધમ્મકોટ કેન્દ્ર ખાતે વ્યવસ્થા રાખેલ છે. તારીખ : ૬ થી ૧૭ જાન્યુઆરી - ૨૦૦૮. કેન્દ્ર પર આવવા - જવાની વાહનની સીધી વ્યવસ્થા કરવામાં આવશે.

આ માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરવો.

**અમરેલી :** ૧) **દ્વારકાદાસ લલાડીયા** : ૫૧/બી, શ્રીરંગ સોસાયટી, ફોન : (૦૨૭૯૨) ૨૨૩૯૮૩, ૯૪૨૬૨ ૩૧૪૪૯
૨) **અશોક ભુવા** : સાગર STD PCO, ચિત્તલ રોડ, મો. : ૯૯૨૫૩ ૭૩૬૪૬

**ધારી :** **જૈનુદ્દીન સુવાણ** : C/o. સુવાણ મેડીકલ સ્ટોર, મો. : ૯૯૦૪૦ ૬૧૬૦૫

**બગસરા :** **દર્શનભાઈ ઠાકર** : ઠાકર ન્યુઝ એજન્સી, ફોન : (૦૨૭૯૬) ૨૨૨૩૩૩

**સાવરકુંડલા :** **કે. એમ. સાદરાણી**: જલારામ સોસાયટી. ફોન : (૦૨૮૪૫) ૨૩૫૧૨૪

**(૨) જામનગર, ખંભાળીયા, ભાણવડ અને પોરબંદરથી આવતા સાધકો માટે :-**

ઉપરોક્ત સ્થળેથી આવતા ભાઈ-બહેનો માટે ૧૦ દિવસીય શિબિરની સ્પે. ધમ્મકોટ કેન્દ્ર ખાતે વ્યવસ્થા રાખેલ છે. તારીખ : ૨૦ થી ૩૧ જાન્યુઆરી - ૨૦૦૮. કેન્દ્ર પર આવવા - જવાની વાહનની સીધી વ્યવસ્થા કરવામાં આવશે.

આ માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરવો.

**જામનગર :** ૧) **ઈન્દુબેન મોઢા** : ૧૧-રઘુવીર, સ્ટેટ બેંક સામે, સરૂ સેક્શન રોડ. ફોન : (૦૨૮૮) ૨૫૫૯૦૯૦, ૯૪૨૭૨ ૭૧૦૦૨
૨) **રમેશભાઈ મહેતા** : ફોન : (૦૨૮૮) ૨૬૭૭૭૬૧

**ભાણવડ :** ૧) **કલ્પનાબેન ભરાડ**: દિવડી સોસાયટી, ૦૨૮૯૬-૨૩૩૬૯૪, મો. : ૯૪૨૭૨ ૩૧૬૨૭
૨) **હિતેષ દાસાણી** : ૦૨૮૯૬-૨૩૨૦૭૮ મો. ૯૪૨૭૨ ૮૩૭૬૨

**પોરબંદર :** **હરીશભાઈ મોઢા** : 'ચંદ્રપ્રભા', ૧૧-નવો કુંભારવાડો, રણછોડ લેનની પાછળ, ફોન : (૦૨૮૬) ૨૨૪૪૩૩૭, ૯૨૨૭૬ ૩૦૬૧૪

**ખંભાળીયા :** **કિશોરભાઈ દાસાણી** : રાજડા રોડ, ફોન : ૦૨૮૩૩ ૨૩૨૧૦૪ મો. : ૯૪૨૭૫ ૭૩૩૮૦

***ધ્રાંગધ્રા-હળવદ માટે ૧૯ થી ૩૦ માર્ચ-૨૦૦૮ દરમ્યાન સ્પે. શિબિર.***
***સુરેન્દ્રનગર-વિરમગામ માટે ૨ થી ૧૩ એપ્રિલ-૨૦૦૮ શિબિર.***
***સંપર્ક સ્થાનો હવે પછીની પત્રીકામાં જાહેર કરવામાં આવશે.***

# સાધકોના પ્રશ્નો : ગુરુજીના ઉત્તરો

**પ્રશ્ન : ૧ સાધના માટે વહેલી સવારના સમયને તમે સારો શા માટે કહો છો ?**

**ઉત્તર :** વહેલા સૂવું અને વહેલા ઊઠવું સારી આદત છે. એ તમને સાજા - નરવા રાખશે - નીરોગી રાખશે. તમારા રોજના અભ્યાસ માટે પણ વહેલી સવારનો સમય સારો છે. કારણ કે એ સમય એવો છે, જ્યારે બીજાં બધાં સૂતાં હોય. જ્યારે લોકો જાગતાં હોય, ત્યારે વધુમાં વધુ તૃષ્ણાઓનું વાતાવરણ હોય - દરેક જણ તૃષ્ણા જગાવતું હોય. તેથી આખું વાતાવરણ તૃષ્ણાથી ભરેલું બની જાય છે. આથી સારી રીતે સાધના કરી શકાય નહીં : માટે બધાં સૂતાં હોય ત્યારે સાધના કરો. એ ઉત્તમ સમય છે.

**પ્રશ્ન : ૨ એક દહેશત સેવાઈ રહી છે, કે મુંબઈમાં જે પેગોડા બની રહ્યો છે, તે વિપશ્યનાને બીજો એક સંપ્રદાય બની જવા તરફ કદાચ દોરી જાય ?**

**ઉત્તર :** જો તમારા આ આચાર્ય પાસે તેની જિંદગીના થોડાક વધુ વરસો હશે - (જો હજી થોડુંક વધારે જીવશે) તો તમે જોશો કે એ એટલો કડક છે કે તેવું કશું જ કોઈને કરવા દેશે નહીં, જે સાંપ્રદાયિકતા તરફ વળાંક લઈ શકે. જો આ પેગોડા જ બુધ્ધની શિક્ષાને કોઈ પંથ કે સંપ્રદાય બનવાનું સાધન બની જાય તો આપણી શિક્ષા ધૂળમાં ગઈ, નકામી ગઈ ! જો આ પેગોડાનો ઉપયોગ એવા લોકો માટે થાય કે જે આવીને પ્રાર્થના કરવા લાગે : ''ઓ પેગોડા કૃપા કરીને મને આ આપ, કૃપા કરીને મને તે આપ, મને આ જોઈએ. મને તે જોઈએ.''... તો આખી વસ્તુ ચોક્કસ સંપ્રદાય બની જશે.

પણ, આપણે આ પેગોડાનો ઉપયોગ ધર્મની સાચી રીતે કરવાના છીએ. તે એ છે કે, આ પેગોડા વધુ ને વધુ લોકોને વિપશ્યના વિષે માહિતગાર કરશે. લોકો પહેલાં કુતૂહલથી પ્રેરાઈ પેગોડા જોવા આવશે. : '' વાહ, શું ભવ્ય ઈમારત છે, ચાલો જોઈએ. એમાં શું હશે !'' અને પછી તેઓ ત્યાં (પેગોડામાં) આવશે, એટલે તેમને બધી માહિતી મળશે : '' જુઓ, આ બુધ્ધ હતા, અને કેવા બુધ્ધ , એમણે શું શીખવ્યું, અને એમના જીવનમાં શું બન્યું ... વિપશ્યનાએ દુનિયાના સારા ધર્મ - ગુરૂ - વિશ્વગુરૂ બનાવ્યા, અને લોકોને કેટલો લાભ થયો. '' આપણે આ માહિતી આપીશું અને દશ-હજાર લોકો - જેઓ જોવા આવ્યા હશે, તેમાંથી ફક્ત સો જણ પણ લાભ મેળવશે, અને બાકીના માત્ર વિપશ્યનાનો સાચો સંદેશ. (તો હેતુ સર્યો). તો આપણે જોઈશું કે બીજો સંપ્રદાય ઊભો કરવા માટે કોઈને પણ આ પેગોડાનો ઉપયોગ કરવા મળે નહીં. નહિતર, આપણો હેતુ માર્યો જશે.

## દોહા ધરમના

ધરમ ચિત્ત કી ચેતના, ધરમ ચિત્ત કા ભાવ ।
ધરમ નિયતિ કા નિયમ હૈ, ધરમ નિસર્ગ સ્વભાવ ॥

સકલ વિશ્વ પર ધરમ કી, અટલ હુકૂમત હોય ।
કુદરત કા કાનૂન હૈ, સબ પર લાગૂ હોય ॥

હો સજીવ, નિર્જીવ હો, સબ કુદરત આધીન ।
ઈસ કુદરત કો સમજ કર, કરે દુખોં કો ક્ષીણ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

મૈલે મન વ્યાકુલ રહે, નિર્મલ સુખિયા હોય ।
સમ્પ્રદાય કો બદલ કર, ઋત સે બચા ન કોય ॥

સમ્પ્રદાય તો વ્યર્થ હૈ, ધર્મ સાર્થક હોય ।
પ્રબલ પ્રમુખતા ધરમ કી, પગ પગ પ્રકટિત હોય ॥

સમ્પ્રદાય કી જકડ મેં, માનવ વ્યાકુલ હોય ।
શુદ્ધ ધરમ જિસકો મિલે, હરખિત પુલકિત હોય ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન: નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૪ ડિસેમ્બર ૨૦૦૭

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org